


# દિલ્હી પોલીસની ભૂમિકા હંમેશાં શંકાસ્પદ રહી છે...

પગરવ
★ પ્રશસ્ત પંડયા

જંતરમંતર-2માં પણ દિલ્હી પોલીસ ચર્ચામાં છે. આમ તો દિલ્હી પોલીસનું સૂત્ર 'શાંતિ, સેવા, ન્યાય' છે પરંતુ છેલ્લા છ મહિનામાં દિલ્હી પોલીસનો જે ચહેરો દેશ-દુનિયાએ જોયો, તેમાં ન તો શાંતિની પહેલ છે, ન સેવાનો ઈરાદો અને ન તો ન્યાય થતો દેખાય છે. દિલ્હી પોલીસ જાણે ગુંડાઓની ફોજની જેમ વર્તતી હોય તેવા જોઈએ એટલા વિડિયો સોશિયલ મીડિયામાં ફરી રહ્યા છે. દિલ્હી સિવાય પણ આપણા દેશમાં પોલીસની ભૂમિકા ખૂબ પ્રશંસાને પાત્ર બની હોય તેવું જોયું નથી. હા, ગણ્યાગાંઠ્યા સજાગ પોલીસ અધિકારીઓના કારણે કેટલાંક ઠેકાણે જરૂર સારા પોલીસિંગના દાખલા બેસ્યા છે પરંતુ સામાન્ય રીતે પોલીસની ભૂમિકા શંકાના દાયરામાં રહી છે અને જ્યારે શાસકના કહેવાથી પોલીસ સામાન્ય લોકો પર દંડો ઉગામે ત્યારે તો પોલીસ કોઈની પરવા રાખતી નથી.

દરેક વિભાગની જેમ દિલ્હી પોલીસ પોતાનો પ્રચાર-પ્રસાર તો એ રીતે કરે છે કે તે સામાન્ય લોકોની શાંતિ અને સુરક્ષાને સર્વોપરી રાખે છે. આ માટે દિલ્હી પોલીસની વેબસાઈટ પર વર્તમાન દિલ્હી પોલીસ કમિશનર અનુરાગ કુમારનો લાંબોલચક સંદેશ છે. તેમાં તેઓ લખે છે કે, 'લોકોની સેવા, ભરોસો કાયમ કરવો, સુરક્ષા પર વિશ્વાસ રાખવા દિલ્હી પોલીસ પારદર્શક, નિષ્પક્ષ રહીને પ્રજાને સર્વોપરી રાખે છે.' આ ઉપરાંત પણ અનેક દાવા દિલ્હી પોલીસ કમિશનર તેમના સંદેશમાં કરે છે પરંતુ ગ્રાઉન્ડ પર દિલ્હી પોલીસે જે કામ કર્યું છે તે તેનાથી સાવ વિપરીત છે.

દિલ્હી પોલીસ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અંતર્ગત આવે છે. 2024ના વર્ષ મુજબ દિલ્હી પોલીસનું સંખ્યાબળ 83,762 છે. આ રીતે જોઈએ તો વિશ્વનાં શહેરોમાં કાર્યરત પોલીસ દળોમાં તેનું સંખ્યાબળ સૌથી વધુ છે. જો કે આ દળના ચોથા ભાગનો હિસ્સો દિલ્હીના VIP સિક્યોરિટીમાં જ રોકાયેલો રહે છે. દિલ્હી પોલીસનું બજેટ પણ દેશમાં શહેરોની પોલીસનાં બજેટમાં સૌથી વધુ છે. 2026ના અંદાજ મુજબ આ બજેટ આશરે 12,503 કરોડ રૂપિયાનું છે.

દિલ્હી પોલીસના ઈતિહાસમાં જઈએ તો તેની વેબસાઈટ પર તેની શરૂઆતની વિગતો છેક ઈ.સ. 1237થી આપવામાં આવી છે. તે સમયે પોલીસિંગ માટે 'કોટવાલ પ્રથા' અસ્તિત્વમાં હતી. કોટવાલ શબ્દનો ગુજરાતી અર્થ 'કોટનો–શહેરનો કે ગામનો બંદોબસ્ત રાખનાર અમલદાર' એવો થાય છે. સમયાંતરે થઈ ગયેલા કોટવાલોનો ઉલ્લેખ દિલ્હીના પોલીસ ઈતિહાસમાં આપવામાં આવ્યો છે. કોટવાલ પ્રથાનો અંત 1857ના વિપ્લવ દરમિયાન આવ્યો હતો. આશ્ચર્યની વાત તો એ છે કે કોટવાલ પ્રથાનો અંત આવ્યો તે પહેલાંના સૌથી છેલ્લા કોટવાલ ગંગાધર નેહરુ હતા, જેઓ દેશના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુના દાદા હતા.

તે પછી દિલ્હી પોલીસનું વધુ સારી રીતે વ્યવસ્થાપન બ્રિટિશરો દ્વારા થયું. તેમાં ભારતીય પોલીસ અધિનિયમ, 1861 આવ્યો અને તે પ્રમાણે દિલ્હી પોલીસનું કાર્ય નિર્ધારિત થયું હતું. જો કે અગાઉ દિલ્હી પંજાબનો હિસ્સો હોવાથી તે પંજાબ પોલીસનું એકમ હતું પરંતુ 1912માં જ્યારે દિલ્હી દેશની રાજધાની બની ત્યાર બાદ દિલ્હીની પોલીસ પંજાબના નેજા હેઠળ રહી નહીં. આ ઈતિહાસ ઘણો વિસ્તૃત છે પણ અહીં ટૂંકાણમાં મૂક્યો છે.

**સામાન્ય રીતે પોલીસની ભૂમિકા શંકાના દાયરામાં રહી છે અને જ્યારે શાસકના કહેવાથી પોલીસ સામાન્ય લોકો પર દંડો ઉગામે ત્યારે તો પોલીસ કોઈની પરવા રાખતી નથી**

દેશ આઝાદ થયો પછી રાજધાનીમાં શરણાર્થીઓની સંખ્યા એકાએક ખૂબ વધી હતી અને તેને કારણે ગુનાખોરીનું પ્રમાણ પણ વધ્યું હતું. આ કારણે દિલ્હી પોલીસનું સંખ્યાબળ વધારીને 8,000 સુધી કરવામાં આવ્યું હતું. 1961માં આ સંખ્યા 12,000 કરતાં વધુ થઈ. આ રીતે દિલ્હી પોલીસમાં સમયાંતરે બદલાવ આવતા રહ્યા. આ વેબસાઈટ પર જ એક દાવો એવો પણ કરવામાં આવ્યો છે કે સંખ્યાની દૃષ્ટિએ દિલ્હી પોલીસ લંડન, પેરિસ, ન્યૂયોર્ક કે ટોક્યો કરતાં પણ મોટી છે. દિલ્હી પોલીસ ગૃહ મંત્રાલયના અંતર્ગત આવે છે, તેને લઈને હંમેશાં એક વિવાદ ચાલતો રહ્યો છે કે તે રાજ્યના અંતર્ગત આવે કે પછી કેન્દ્રના. મતલબ કે તેણે કોનો આદેશ ઝીલવાનો– કેન્દ્રીય ગૃહમંત્રીનો કે પછી રાજ્યના મુખ્યમંત્રીનો? વિશેષ કરીને દિલ્હી રાજ્યમાં અને કેન્દ્રમાં અલગ-અલગ પક્ષની સરકાર હોય ત્યારે આ વિવાદ વધુ વકરતો ગયો છે. આ અંગે અનેક અહેવાલો પ્રસિદ્ધ થયા છે.

હવે દિલ્હી પોલીસના વિવાદોની વાત. આ વિવાદોની યાદી ખૂબ લાંબી છે અને કેટલાંકની તો વિગતો વિસ્તૃત રીતે મળતી પણ નથી પરંતુ નજીકના સમયમાં દિલ્હી પોલીસની વાત થાય ત્યારે 2008માં તેના મોરલ પોલીસિંગને લઈને ઊભો થયેલો વિવાદ ખાસ્સો ચર્ચામાં રહ્યો હતો. આ ઘટના એવી હતી કે એક પરિણીત યુગલે દ્વારકા વિસ્તારમાં આવેલી કોર્ટમાં એકબીજાને ચુંબન કર્યું હતું. જાહેરમાં ચુંબન કરવાની આ ઘટનાને લઈને દિલ્હી પોલીસે તેમની વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. યુગલે દિલ્હી હાઈકોર્ટમાં આ કેસ વિરુદ્ધ અરજી કરી હતી. કોર્ટે ઝડપથી કેસની સુનાવણી કરી અને આદેશ કર્યો કે યુગલ વિરુદ્ધનો કેસ પાછો ખેંચવામાં આવે. કોર્ટે પોલીસને 5,000 રૂપિયાનો દંડ પણ કર્યો હતો.

દિલ્હી પોલીસ હોય કે અન્ય કોઈ પણ રાજ્યની પોલીસ, તે સત્તા સાથે રહેવાનું પસંદ કરે છે. તેથી જ જ્યારે કૉંગ્રેસના નેતૃત્વ હેઠળની 'યુપીએ' સરકારના સમયગાળામાં દિલ્હી પોલીસનું વલણ જોઈએ તો તે પણ આજના જેવું જ હતું. 2012માં દિલ્હીમાં નિર્ભયા કેસ થયો હતો અને તે વખતે લોકો વિરોધ પ્રદર્શન કરતાં સંસદ તથા રાષ્ટ્રપતિ ભવન સુધી પહોંચી ગયા હતા. દિલ્હી પોલીસે તે વખતે લોકોને રોકવા માટે રીતસરનું દમન આચર્યું હતું. લોકો પર લાઠીઓ વરસાવી હતી, ટિયર ગૅસ છોડ્યો હતો અને અનેક લોકોની ધરપકડ પણ કરી હતી. એ જ રીતે, 2020માં જ્યારે દિલ્હીમાં રમખાણો થયાં હતાં ત્યારે પણ દિલ્હી પોલીસની ભૂમિકા શંકાસ્પદ જણાઈ હતી. રમખાણો વખતે દિલ્હી પોલીસ તમાશો જોતી રહી હોવાના અનેક અહેવાલો પ્રસિદ્ધ થયા હતા. દિલ્હી પોલીસે હાલમાં જંતરમંતર પર થઈ રહેલા પ્રદર્શનમાં જે 'બોડી-વોર્ન કેમેરા' લગાવ્યા હતા, તેને લઈને પણ મામલો દિલ્હી હાઈકોર્ટ પહોંચ્યો હતો. આ કેમેરા પોલીસ અધિકારીઓના ખભે લગાવવામાં આવે છે અને તેનાથી દરેક બાબતને કેમેરામાં કેદ કરવાનો ઉદ્દેશ દિલ્હી પોલીસના ઉચ્ચ અધિકારીઓએ દર્શાવ્યો છે. પરંતુ આ મુદ્દે દિલ્હી હાઈકોર્ટે કોઈ ચુકાદો ન આપતાં સમગ્ર બાબત દિલ્હી સરકાર પર છોડી દીધી છે.

હાલમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનમાં દિલ્હી પોલીસની તરફેણમાં જેટલા પણ વિડિયો સામે આવી રહ્યા છે, તેનો મહત્ત્વનો સ્રોત 'બોડી-વોર્ન કેમેરા' છે. એટલું જ નહીં, આ વખતે વિરોધ પ્રદર્શનમાં જોડાયેલી મહિલાઓ સાથેના વર્તનમાં પણ દિલ્હી પોલીસના અધિકારીઓ સંડોવાયેલા છે, એવું વિડિયોમાં જોવા મળે છે. નેમપ્લેટ વિના કોઈ પણ દિલ્હી પોલીસકર્મી પોતાની ફરજ પર નહીં આવી શકે એવા નિયમો બનાવવામાં આવ્યા હોવા છતાં આ વખતે પણ દિલ્હી પોલીસના અનેક કર્મચારીઓ નેમપ્લેટ વિના દેખાયા હતા. એટલું જ નહીં, ઘણા કર્મચારીઓ સાદા વેશમાં પણ જોવા મળ્યા હતા.

દિલ્હીમાં જે રીતે અહિંસક પ્રદર્શનકારીઓ પર હુમલા થયા તે અંગે પણ દિલ્હી પોલીસનું મૌન જોવા મળ્યું. એટલું જ નહીં, હુમલાખોરો સુરક્ષાની દૃષ્ટિએ અતિસંવેદનશીલ વિસ્તારમાં નંબરપ્લેટ વિનાની ગાડીઓ સાથે કેવી રીતે પહોંચ્યા, તેનો પણ જવાબ દિલ્હી પોલીસ પાસે નથી. આ વખતે તો દિલ્હી પોલીસે પત્રકારોને પણ કવરેજ કરતાં અટકાવ્યા છે. મહિલા પત્રકારો સાથે પણ ખરાબ વર્તન કર્યું છે. અનેક રિપોર્ટરોને પોતાનું કામ કરતાં અટકાવ્યા છે અને જો તેઓ અટક્યા નથી, તો તેમની અટકાયત કરી છે. દિલ્હી પોલીસ પર લાગી રહેલા આ આરોપોના હવે દૃશ્ય પુરાવા ઉપલબ્ધ છે. દિલ્હી પોલીસ વિશે ઘણું લખી શકાય અને પોલીસની વ્યવસ્થામાં માત્ર દિલ્હી પોલીસ પર જ આંગળી ચીંધાય એવું નથી. અનેક રાજ્યો અને શહેરોની પોલીસ વિશે આવા વિવાદાસ્પદ અને અન્યાયી વર્તનના અહેવાલો પ્રકાશમાં આવ્યા છે. પોલીસ ખરેખર તો લોકોની મિત્ર છે, પરંતુ હજુય તેની પાસેથી આવા વલણની અપેક્ષા રાખવી લોકો માટે બહુ દૂરની વાત છે.